# તમારા આદર્શ રોજગાર અધિકારો:
# કર્મચારીઓનાં કાર્યો માટે કામચલાઉ મદદ માટેની એજન્સી

માહિતી પત્ર

## કામચલાઉ મદદ માટેની એજન્સીનાં કાર્ય કર્મચારીઓ

તમે એક કામચલાઉ મદદ માટેની એજન્સીના કાર્ય કર્મચારી છો. જો તમે અને મદદ માટેની એજન્સી સહમત થયા હો કે તે તેનાં ગ્રાહક (અથવા ગ્રાહકો) સાથે કામચલાઉ કાર્યો માટે તમને નોકરી અપાવે અથવા નોકરી અપાવવા માટે પ્રયાસ કરે તો તમે તે કામચલાઉ મદદ માટેનાં કાર્ય કર્મચારી કહેવાઓ. ભલે તમે કોઇ ગ્રાહક સાથે કામ કરતા હો કે ન હો, તો પણ તમે એ એજન્સી સાથે કામ કર્યાનો સંબંધ થયો ગણાય.

જ્યારે પણ તમે કોઇ કાર્ય પર હો છો, ત્યારે તે એજન્સી હજુ પણ તમારા નિયોક્તા ગણાય; ગ્રાહક તમારા નિયોક્તા ન ગણાય.

જો તમે એજન્સી છોડીને જતા રહો અથવા જો એજન્સી તમારા રોજગારનો અંત લાવે તો તમારું કાર્ય કર્મચારી હોવાનું બંધ થયું ગણાય.

આ માહિતી પત્ર તમારું નવું એમ્પ્લૉયમેન્ટ સ્ટૅન્ડર્ડ્સ ઍક્ટ, 2000 (ઇ.એસ.એ.)નાં હક્કનો સારાંશ આપે છે કે જે 2009 માં કાયદો થયો હતો. તમે ઇ.એસ.એ. અન્વયે લઘુત્તમ વેતન, કાર્યનાં કલાકો પરની મર્યાદાઓ, અતિકાલિક પગાર, વેકેશન્સ, અને અમુક કારણોસર કાર્યમાંથી વણચૂકવાયેલ રજાઓ મેળવવા પણ હક્કદાર છો. (તમે કયા પ્રકારનું કાર્ય કરો છો તેને આધારે કેટલીક મુક્તિઓ પણ લાગુ પડે છે.)

## જાહેર રજાઓનો હક્ક તેમજ જાહેર રજાનો પગાર

ઑન્ટેરિઓ નવ જાહેર રજાઓ ધરાવે છે. સામાન્ય રીતે, તમે જો કાર્ય પર હો અને જાહેર રજા એ દિવસે આવે છે કે જે દિવસે સામાન્ય રીતે તમે કામ કરી રહ્યા હોત, તો તમારી પાસે એ હક્ક છે કે જાહેર રજાને કામમાં ગણાય અને એ દિવસ પૂરતો જાહેર રજાનો પગાર તમને ચૂકવવામાં આવે. રજાના પગારની રકમની ગણતરી કરવા માટે, કૃપા કરીને અમારા કૅલ્ક્યુલેટરને
**http://www.labour.gov.on.ca/english/es/tools/php_calc.php** પર જુઓ.

જો રજા પર કાર્ય કરવા માટે તમે લેખિતમાં સહમત થાવ, તો તમારી પાસે હક્ક છે કે તમે:

- જાહેર રજાનો પગાર વત્તા પ્રીમિયમ પગાર (તમારા પગારનાં નિયમિત દર કરતાં ઓછામાં ઓછો દોઢ ગણો); અથવા
- તમારા પગારનો નિયમિત દર વત્તા જાહેર રજાનાં પગાર સાથે અવેજી દિવસની રજા.

જો જાહેર રજા એ દિવસે આવે કે જ્યારે તમે કાર્ય પર હો છતાં સામાન્ય રીતે કામ કરતા ન હો (અથવા વેકેશન પર હો), તો તમારી પાસે જાહેર રજાના પગાર સહિત અવેજી દિવસે રજા લેવાની છૂટ છે, અથવા તમે (લેખિતમાં) એ માટે સહમત થઇ શકો છો કે તમને માત્ર જાહેર રજાનો પગાર જ મળે. જો જાહેર રજા એ દિવસે આવે કે તમે કાર્ય પર ન હો, તો તમે જાહેર રજાના પગાર માટે હક્કદાર બની શકો છો.

જો તમને એજન્સી દ્વારા "ઇલેક્ટ ટુ વર્ક" કર્મચારી કહેવામાં આવ્યાં હોય તો પણ તમને આ જાહેર રજાઓનો હક્ક મળે છે.

## અંત લાવવાની નોટિસ અને કાપનો પગાર

જો તમને ઓછામાં ઓછા ત્રણ મહિના માટે કામચલાઉ મદદ એજન્સી દ્વારા નોકરીએ રાખવામાં આવ્યા હોય અને જો એજન્સી તમારા રોજગારનો સંબંધ બંધ કરે (અંત લાવે), તો તમને સામાન્ય રીતે અંત લાવવાની નોટિસ પ્રાપ્ત કરવાનો હક્ક છે. તમે કાર્ય કરી રહ્યા હો ત્યારે તમને નોટિસ મળી શકે છે અથવા કાર્યની નોટિસની જગ્યાએ પગાર અથવા બન્નેનું મિશ્રણ. સામાન્ય રીતે તમે જે નોટિસ પ્રાપ્ત કરો તેનો વ્યાપ એક અઠવાડિયાથી (જો તમને ઓછામાં ઓછો ત્રણ માસથી રોજગાર પ્રાપ્ત થયો હોય પરંતુ એક વર્ષથી ઓછો) આઠ અઠવાડિયા (જો તમને આઠ વર્ષ કે તેથી વધુ રોજગાર પ્રાપ્ત થયો હોય) સુધીનો હોય છે. તમે કેટલાક લાંબા સમય સુધી એજન્સી દ્વારા રોજગાર પામી રહ્યા છો એ કેટલા અઠવાડિયાની નોટિસ તમને મળે છે તે નક્કી કરે છે, નહીં કે તમે કેટલાક સમયગાળા માટે એજન્સીનાં ગ્રાહક કે ગ્રાહકોને ત્યાં કાર્યો કરતા હતા તે આધારે.

તમને અંત લાવવાની વ્યાપક નોટિસ પ્રાપ્ત કરવાનો પણ હક્ક છે. વ્યાપક નોટિસ પર તમારા હક્કની વધુ માહિતી મેળવવા માટે કૃપા કરીને અમારી આ વેબસાઇટની મુલાકાત લો:
**http://www.labour.gov.on.ca/english/es/pubs/guide/tempagencies.php**

જો તમે પાંચ અથવા વધુ વર્ષથી એજન્સીનાં કર્મચારી રહ્યા હો, અને જો એજન્સી તમારા રોજગારનો અંત લાવે (કાપે), તો તમને કદાચ કાપનાં પગારનો પણ હક્ક મળી શકે છે.

જો તમને એજન્સી દ્વારા "ઇલેક્ટ ટુ વર્ક" કર્મચારી કહેવામાં આવ્યાં હોય તો પણ તમને આ હક્ક મળે છે.

## એજન્સી તમને અમુક ફીઝનો ચાર્જ કરી શકતી નથી

એજન્સી તમે તેનાં કર્મચારી છો એટલા માટે અથવા તો તમને કાર્ય શોધવામાં મદદ કરવા માટે ફીઝનો ચાર્જ કરી શકતી નથી. ઇન્ટરવ્યૂ માટેની તૈયારી અથવા રેઝ્યૂમે કેવી રીતે લખવો તેની સલાહ અથવા માહિતી આપવા માટે એજન્સી તમારી પાસેથી ચાર્જ લઇ શકે નહીં. જો તમે પસંદ કરો કે તમારે આ માહિતી કે સલાહ એજન્સીમાંથી પ્રાપ્ત કરવી છે કે નહીં તો તે માટે પણ એજન્સી તમારી પાસેથી ચાર્જ લઇ શકે નહીં.

## જો એજન્સીનો ગ્રાહક તમને રોજગાર સંદર્ભ આપવા માગે તો

ગ્રાહક તમને રોજગાર સંદર્ભ આપવા માગે તો એજન્સી તેને રોકી શકે નહીં.

## જો એજન્સીનો ગ્રાહક તમને તેના કર્મચારી બનાવવા માટે લેવા માગે તો

જો ગ્રાહક તમને સીધેસીધા લેવા માગતા હોય તો એજન્સી ગ્રાહકને તેમ કરતાં રોકી શકે નહીં. જો એજન્સી તમને ગ્રાહક સાથે કાર્યમાં ગોઠવવા માગતા હોય, તો તે તમને લેવા બદલ ગ્રાહક પાસેથી ફી ચાર્જ કરી શકે પરંતુ જે દિવસથી તમે ગ્રાહક સાથે કામ કરવાનું શરૂ કર્યું તે દિવસથી ગણતાં માત્ર છ-માસનાં સમય માટે જ કરી શકાય.

જો એજન્સીનો ગ્રાહક તમને તેના કર્મચારી બનાવવા માટે લેવા માગે, તો એજન્સી તમને એ કહી શકે નહીં કે તમે આ કાર્ય લઇ નહીં શકો. જો ગ્રાહક તમને લેવા માગતા હોય તો એજન્સી તમારી પાસેથી ફી ચાર્જ કરી શકે નહીં.

## એજન્સીમાંથી તમને જે માહિતી મળવી જોઇએ

જો તમે એજન્સીનાં કાર્ય કર્મચારી બનો, તો એજન્સીએ તમને કેટલીક માહિતી આપવી જોઇએ કે જેમાં આ માહિતી પત્રનો સમાવેશ થાય છે; એજન્સીનું કાયદેસર નામ અને સંપર્ક માહિતી. એક વાર તમે કાર્ય કર્મચારી બની જાવ પછી જેટલું બની શકે તેટલું જલદી એજન્સીએ આ માહિતી તમને લેખિતમાં આપવી જોઇએ.

જ્યારે એજન્સી તમને તેમનાં ગ્રાહકોમાંના કોઇ એક સાથે તમારી સમક્ષ એજન્સીનો પ્રસ્તાવ મૂકે, તો એજન્સીએ તમને કેટલીક માહિતી આપવી જોઇએ, જેમાં ગ્રાહકનું કાયદેસર નામ અને સંપર્ક માહિતીનો સમાવેશ થાય છે; પગારનો દર અને લાભો (જો કોઇ હોય તો); કામનાં કલાકો; કાર્યનું સામાન્ય વર્ણન; કાર્યની અંદાજિત મુદ્દત (જો ખબર હોય તો); તેમજ, પગારનો સમયગાળો અને પગારનો દિવસ. જો એજન્સી તમને આ માહિતી આપતી હોય, પરંતુ જ્યારે પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો ત્યારે લેખિતમાં નહીં, તો જેટલું શક્ય બને તેટલું જલદી તેને લેખિતમાં પૂરું પાડવું જોઇએ.

## તમારા ઇ.એસ.એ. હક્કો માટે પૂછવા અથવા ભારપૂર્વક કહેવા બદલ એજન્સીનો અસીલ તમને સજા કરી શકે નહીં

જો તમે તમારા રોજગાર હક્ક ધોરણ માટે પૂછો અથવા માગો કે તમને તે મળે, તો ગ્રાહક તમને કોઇપણ રીતે સજા કરી શકે નહીં, જેમાં કાર્યનો અંત લાવવાનો પણ સમાવેશ થાય છે. (તમારાં ઇ.એસ.એ. હક્કો વિશે પૂછવા અથવા ભારપૂર્વક કહેવા બદલ તમને તમારું એજન્સી સજા ન કરી શકે અને તમને એ હક્ક મળવાનો પણ ચાલુ રહેશે.)

## જો તમારે કોઇ પ્રશ્ન હોય અથવા દાવો કરવા માગતા હો

જો આ મહિતી બાબતે તમારે કોઇ પ્રશ્નો હોય, અથવા માનતા હો કે તમે તમારા હક્કો પ્રાપ્ત કર્યા નથી અને મિનિસ્ટ્રી ઑફ લેબરમાં દાવો કરવા માગતા હો, તો કૃપા કરીને એમ્પ્લૉયમેન્ટ સ્ટૅન્ડર્ડ્સ ઇન્ફોર્મેશન સેન્ટરનો (416) 326-7160 (1-800-531-5551 પર ટૉલ-ફ્રી) સંપર્ક કરો અથવા નબળી શ્રવણશક્તિ માટે TTY 1-866-567-8893 પર સંપર્ક કરો. તમે વધુ માહિતી માટે www.labour.gov.on.ca પર મિનિસ્ટ્રીનો ઇ-મેઇલ દ્વારા સંપર્ક સાધવા માટે, અથવા ઑન-લાઇન દાવો કરવા માટે પણ તમે મુલાકાત લઇ શકો છો. તમે સર્વિસઑન્ટેરિઓ સેન્ટર સ્થિત એમ્પ્લૉયમેન્ટ સ્ટૅન્ડર્ડ્સ દાવાનું પત્રક પણ પ્રાપ્ત કરી શકો છો. તમારા સૌથી નજીકનાં કેન્દ્રને શોધવા માટે, કૃપા કરીને 1-800-267-8097 પર કૉલ કરો.

**આ માહિતીને જાહેર સેવા તરીકે પૂરી પાડવામાં આવી છે. જો કે અમે એ બાબતે ખાતરી રાખવાનો પ્રયત્ન કર્યો છે કે માહિતી જેટલી શક્ય તેટલી વર્તમાન અને ચોક્કસ હોય, તેમ છતાં પ્રસંગોપાત્ત ક્ષતિઓ થતી હોય છે. માટે અમે માહિતીની ચોક્કસાઇ માટે ખાતરી આપી શકીએ નહીં. માટે, વાચકોએ, જ્યાં શક્ય બને ત્યાં માહિતીને અમલી બનાવતાં પહેલાં તેની ખરાઇ કરવી જોઇએ.**

©Queen’s Printer for Ontario, 2009
ISBN 978-1-4435-0983-1 (PDF)
Printed in Canada